# SAURASHTRA UNIVERSITY

**Exam Cell Section**

University Campus, University Road, Rajkot – 360005

Phone No.: (0281) 2576511 Ext. No.707-710

E-mail Id: exam06@sauuni.ac.in


No. Exam Cell / 2503152 / 2025 Dt.- 15/ 05 / 2025

**પરિપત્ર** :-

**વિષય** :- <u>શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ના પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (પી.ઈ.સી.) અંગે.</u>

(વર્ષ ૨૦૨૫ -૨૦૨૬ CBSC / NON CBSC પધ્ધતિના અભ્યાસક્રમો માટે)

**સંદર્ભ** :- GCAS માટે જોડાણ / ૯ / ૨૮૩ / ૨૦૨૫, તા. ૨૮-૦૩-૨૦૨૫ પરિપત્ર ધ્યાન પર લેશો.

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક ક્ક્ષાની કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, નીચે દર્શાવેલ વિગત અનુસાર જે વિદ્યાર્થીઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિવાયની અન્ય યુનિવર્સિટી તેમજ ગુજરાત બોર્ડ સિવાયના અન્ય બોર્ડમાંથી ઉતિર્ણ થયેલ હોય અને અત્રેની યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓએ પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (પી.ઈ.સી.) મેળવવા માટે ઓનલાઈન આવેદનપત્ર ભરવાનું રહેશે.

- પી.ઈ.સી. PEC માટેના ફોર્મ નીચે દર્શાવેલ web link પરથી ભરી શકાશે,

  **Link : https://exam.saurashtrauniversity.edu**
- જે વિદ્યાર્થીઓએ GCAS Portal પર ફોર્મ ભરી Application No. મેળવેલ હશે તેના આધારે જ પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવાનું રહેશે, જે વિદ્યાર્થીએ GCAS Portal માં ફોર્મ ભરેલ નહિ હોય તેઓ પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરી શકશે નહિ, જેની ખાસ નોંધ લેશો.
- PEC form અંગેનું પેમેન્ટ પણ ઓનલાઈન જ કરવાનું રહેશે,
- અન્ય ઉપયોગી વેબસાઈટ તથા પરિપત્રોની માહિતી

  **Link :- https://saurashtrauniversity.edu/university/exam/circulars/**
- **COBSE Board members List : https://www.saurashtrauniversity.edu/university/exam-sections/exam-cell-exam-06/circulars/** No.76832, Dt.30-06-23 માં જે માન્ય બોર્ડ દર્શાવેલ છે તે જ બોર્ડના વિદ્યાર્થીઓને જ પી.ઈ.સી. આપવાની કાર્યવાહી કરવામાં આવશે.

❖ **<u>પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ માટેની સુચના</u>** :-

1. જે વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી / ગુજરાત બોર્ડમાંથી છેલ્લે અભ્યાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવાનું રહેતું નથી.
2. પી.ઈ.સી. ફોર્મ ભરતા સમયે Agree કરતા પહેલા દર્શાવેલ સૂચનાઓ ખાસ ધ્યાન પર લેવી તેમજ જે અભ્યાસક્રમ માટે પી.ઈ.સી. મેળવવાનું હોય તે ફોર્મ સાથે ક્યાં ક્યાં ડોક્યુમેન્ટ અપલોડ કરવા તેની માહિતી વાંચીને તમામ ડોક્યુમેન્ટ અપલોડ કર્યા બાદ જ પી.ઈ.સી. ઇસ્યુ કરવાની કાર્યવાહી કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.
3. પી.ઈ.સી. ફોર્મ ભર્યા બાદ પરીક્ષા સેલ વિભાગ દ્વારા ફોર્મ તથા તેની સાથે અપલોડ કરેલ ડોક્યુમેન્ટની ચકાસણી કર્યા પછી પી.ઈ.સી. ઓનલાઈન જનરેટ કરવામાં આવશે, ઓનલાઈન જનરેટ થયેલ પી.ઈ.સી.કોલેજે માન્ય રાખી આગળની કાર્યવાહી કરવાની રહેશે.
4. ધો. ૧૦ પાસ કર્યા પછી બે કે તેથી વધુ વર્ષનો **I.T.I., N.C.V.T., G.C.V.T.** ની પરીક્ષા પાસ કરેલ હોય અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર અથવા ગુજરાત ઓપન સ્કુલ એક્ઝામિનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓને B.A. / B.Com. / BCA / BBA / B.Sc. / B.Sc. (I.T.) / B.Sc. H.Sc. / BRS / BSW ના **<u>પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ આપવાનો રહેશે જેના માટે પી.ઈ.સી. લેવાનું રહેશે નહિ જેની ખાસ નોંધ લેશો.</u>**
5. વિદ્યાર્થીએ છેલ્લો અભ્યાસ ફોરેન બોર્ડ / યુનિવર્સિટીમાંથી કરેલ હોય તો તેવા વિદ્યાર્થીઓએ Association Of Indian Universities (A.I.U.) માંથી સમકક્ષતા પ્રમાણપત્ર મેળવી તે રજુ કરવું પડશે. https://evaluation.aiu.ac.in/student/ehome

**SAURASHTRA UNIVERSITY**
**Exam Cell Section**
University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2576511 Ext. No.707-710
E-mail Id: exam06@sauuni.ac.in



6. 6.1) વિદ્યાર્થીની માર્કશીટ જે તે બોર્ડ / યુનિવર્સિટીની વેબસાઈટ પર ઓનલાઈન વેરીફીકેશન થશે તેવા વિદ્યાર્થીઓને પી.ઈ.સી. વેબપોર્ટલ ના લોગીનમાં ડીજીટલ પી.ઈ.સી. ઇસ્યુ થશે અને માઈગ્રેશન સર્ટીફીકેટ કઈ તારીખ સુધીમાં જમા કરાવવું તેમજ અન્ય સુચના અંગેનો પત્ર પણ સાથે ઉપલબ્ધ થશે, જે મુજબની કાર્યવાહી કરવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.

**7.** 6.2) **જો વિદ્યાર્થીની માર્કશીટ જે તે બોર્ડ / યુનિવર્સિટી વેબસાઈટ પર ઓનલાઈન વેરીફીકેશન થશે નહિ તો તેવા વિદ્યાર્થીઓને પી.ઈ.સી. ની ડીજીટલ નકલ, માઈગ્રેશન સર્ટીફીકેટ કઈ તારીખ સુધીમાં જમા કરાવવું તે અંગેની સૂચનાનો પત્ર તેમજ માર્કશીટ જે તે બોર્ડ / યુનિવર્સિટીમાં વેરીફીકેશન કરવા અંગેનો પત્ર પી.ઈ.સી. વેબપોર્ટલના લોગીનમાં ઉપલબ્ધ થશે, જેના આધારે વિદ્યાર્થીએ માર્કશીટ વેરીફીકેશન કરાવી પરીક્ષા સેલ વિભાગમાં જમા કરવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.**

6.3) વિદ્યાર્થી દ્વારા જે કોર્ષ માટે પી.ઈ.સી. મેળવેલ હોય તે કોર્ષ ને બદલે અન્ય કોર્ષમાં જો પ્રવેશ મેળવવાનો હોય તો તે માટે અગાઉ મેળવેલ ઓનલાઈન પી.ઈ.સી. પરીક્ષા સેલ વિભાગમાંથી રદ કરાવવાનું રહેશે ત્યારબાદ અન્ય કોર્ષ માટે પી.ઈ.સી. ફોર્મ ભરવાનું રહેશે.

6.4) ઓર્ડીનન્સની જોગવાઈ અનુસાર કામચલાઉ યોગ્યતા પ્રમાણપત્ર (પી.ઈ.સી.) સત્રનાં અંત સુધીમાં અંતિમ યોગ્યતા પ્રમાણપત્ર (એફ.ઈ.સી.) મેળવી લેવાની શરતે આપવામાં આવશે.

7. **માઈગ્રેશન સર્ટીફીકેટ જમા કરાવવા અંગેની સુચના: -**

- ➢ જે વિદ્યાર્થીઓ પી.ઈ.સી. મેળવે તેઓએ અગાઉના બોર્ડ / યુનિવર્સિટીનું ઓરીજીનલ માઈગ્રેશન સત્રનાં અંત પહેલાં પરીક્ષા સેલ વિભાગમાં જમા કરાવવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
- ➢ સત્રની શરૂઆત અને સત્ર નો અંત ક્યારે છે તે અંગેની માહિતી કોલેજ આચાર્યશ્રી પાસેથી મેળવી લેવાની રહેશે તેમજ સત્રનાં અંત પહેલાં ઓરીજીનલ માઈગ્રેશન જમા કરાવવામાં આવશે તો તેના માટે કોઈ ફી લેવામાં આવશે નહિ.

➢ **માર્કશીટ ઓનલાઈન વેરીફીકેશન થયેલ હોય તેવા પી.ઈ.સી. માટે:-**

➔ જે વિદ્યાર્થીઓને પી.ઈ.સી. વેબપોર્ટલના લોગીનમાં પી.ઈ.સી. ની ડીજીટલ નકલ મળે તેવા વિદ્યાર્થીઓએ તેઓનું ઓરીજીનલ માઈગ્રેશન ઉપર (7) માં દર્શાવ્યા મુજબની વિગતે જમા કરાવવાનું રહેશે, ત્યારબાદ તેઓને ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (FEC) જનરેટ કરવાની કાર્યવાહી કરવાની આવશે.

➢ **માર્કશીટ ઓનલાઈન વેરીફીકેશન ન થયેલ હોય તેવા પી.ઈ.સી. માટે:-**

➔ જે વિદ્યાર્થીઓને પી.ઈ.સી. વેબપોર્ટલના લોગીનમાં પી.ઈ.સી. ની ડીજીટલ નકલ તથા માર્કશીટ વેરીફીકેશન અંગેનો પત્ર મળે તેવા વિદ્યાર્થીએ બોર્ડ / યુનિવર્સિટીનું ઓરીજીનલ માઈગ્રેશન ઉપલબ્ધ હોય તો તે ઉપર (7) માં દર્શાવ્યા સુધીમાં જમા કરાવી આપવું.

➔ વધુમાં માર્કશીટ વેરીફીકેશન અંગેનો પત્ર મળેલ હોય તેવા સંજોગોમાં વિદ્યાર્થીએ અગાઉ છેલ્લે જે બોર્ડ / યુનિવર્સિટીમાંથી અભ્યાસ કરેલ હોય તે બોર્ડ / યુનિવર્સિટીમાંથી માર્કશીટ વેરીફીકેશન કરાવી તે ઓરીજીનલ ડોક્યુમેન્ટ પરીક્ષા સેલ વિભાગમાં જમા કરાવવાનું રહેશે, ત્યારબાદ તેઓને ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (FEC) જનરેટ કરવાની કાર્યવાહી કરવામાં આવશે, જનરેટ થયેલ FEC વિદ્યાર્થીઓએ તેના લોગીનમાંથી Download કરી લેવાનું રહેશે.

SAURASHTRA UNIVERSITY
Exam Cell Section
University Campus, University Road, Rajkot – 360005
Phone No.: (0281) 2576511 Ext. No.707-710
E-mail Id: exam06@sauuni.ac.in



**ખાસ નોંધ :-**

- **વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે પી.ઈ.સી. મેળવવા વિદ્યાર્થીએ યુનિવર્સિટી કક્ષાએ આવવાનું રહેશે નહિ.** વિદ્યાર્થીને પી.ઈ.સી. તેમના વેબપોર્ટલના લોગીન પર અપલોડ કરવામાં આવશે જેની પ્રિન્ટ મેળવી વિદ્યાર્થીએ પ્રવેશ અંગેની કાર્યવાહી કરવાની રહેશે, જયારે પી.ઈ.સી. માટેનું ફોર્મ ભરવામાં આવે ત્યારે મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. વિદ્યાર્થીએ પોતાનો દર્શાવવાનો રહેશે, કોલેજના સ્ટાફ / કોલેજનો કે કોઈ અન્યનો ઈ-મેઈલ આઈ.ડી. ફોર્મમાં દાખલ કરવો નહિ, ફોર્મ સબમિટ થયા બાદ કોઈ ફેરફાર થઈ શકશે નહિ.

  - ❖ **ફ્રોડ માર્કશીટ / ફ્રોડ બોર્ડ / ફ્રોડ માઈગ્રેશન સર્ટીફીકેટ / ફ્રોડ માર્કશીટ વેરીફીકેશન અંગેનો જે તે બોર્ડ / યુનિવર્સિટીનો પત્ર કોઈ વિદ્યાર્થીનું માલુમ પડશે તો તેને આપવામાં આવેલ પી.ઈ.સી. / એફ.ઈ.સી. / એનરોલમેન્ટ તાત્કાલિક રદ કરવામાં આવશે તેમજ તે અંગે ભવિષ્યમાં કોઈ કાનૂની કાર્યવાહી થાય તો તેની તમામ જવાબદારી વિદ્યાર્થીની રહેશે અને તેના માટે યુનિવર્સિટી સામે કોઈ દાવો માંડી શકાશે નહિ, જેની ખાસ નોંધ લેશો.**

| | |
|---|---|
| પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ (પી.ઈ.સી.)<br>(સેમેસ્ટર-૧ માટે)<br>(જ્યાં વાર્ષિક પધ્ધતિ લાગુ હોય ત્યાં તે મુજબ) | **ફી રૂા. ૨૨૦/-**<br>તા.૧૫-૦૫-૨૦૨૫ થી શરુ |

- ➢ PEC ફોર્મમાં જે ડોક્યુમેન્ટ અપલોડ કરવામાં આવે તે શક્ય હોય ત્યાં સુધી ઓરીજીનલ ડોક્યુમેન્ટમાંથી SCAN કરી અપલોડ કરવાના રહેશે અને જો ઓરીજીનલ ડોક્યુમેન્ટ ઉપલબ્ધ ન હોય તો ડોક્યુમેન્ટ દેખાય તેની કોપીમાંથી SCAN કરી અપલોડ કરશો.
- ➢ યુનિવર્સિટી દ્વારા વખતો વખત પરિપત્રો, નિયમમાં કોઈ ફેરફાર કરવામાં આવે તે વિદ્યાર્થીને તેમજ કોલેજને બંધનકર્તા રહેશે.

I/c **પરીક્ષા નિયામક**

પ્રતિ,

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્નાતક કક્ષાની કોલેજના આચાર્યશ્રીઓ

**નકલ સાદર રવાના જાણ અર્થે :- web link online upload**

- માન. કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ ...
- પરીક્ષા વિભાગના તમામ વિભાગો તરફ ...
- જોડાણ વિભાગ
- **પરિપત્રની ઓનલાઈન લિન્ક** https://saurashtrauniversity.edu/exam/circulars